**સુરતના ચોથા એડી.સિની સિવીલ જજ અને એડી.ચીફ જયુડી મેજી.સાહેબશ્રીની કોર્ટમાં,**

**ફોજદારી કેસ નં.૨૫૮૩૬/૨૦૧૮**

**<u>આંક–૧ તળે હુકમ</u>**

સદર કામે ફરીયાદીએ સદર ખાનગી ફરીયાદ ધી નેગો.ઈન્સ્ટુ એકટ ૧૩૮ અન્વયે રૂ ૧ ૮૪૩૦૭/– નો ચેક સ્વીકારયા વિના પરત ફરતા આરોપી સામે દાખલ કરેલ છે જે સમરી ટ્રાયેબલ કેસ છે. સદર આરોપી રહે.દુકાન નં.૧૦૫૦–૫૧, યુનિર્વસલ માર્કેટ, રીંગ રોડ, સુરતના રહેવાસી છે. રેકર્ડ જોતા આરોપીને પ્રોસેસ બજવાનો તબકકો કેસ દાખલ થયો ત્યારથી આજદીન સુધી ચાલ્યો આવે છે. આરોપીને કરેલા પ્રોસેસ તા.૧૨/૨/૨૦૧૯, તા.૧૦/૪/૨૦૧૯, તા.૨૬/૬/૨૦૧૯ થી બજે કે વગર બજે પરત ફરેલ નથી. સદર કામ મારા પુરોગામી સાહેબશ્રી એ તા.૨૮/૦૮/૨૦૧૯ ના રોજ ડોરમેન્ટ ફાઈલ પર મુકેલ છે. ત્યારબાદ પણ ફરીયાદી તર્ફે બજવણીના અસરકારક પ્રયત્ન કરવામાં આવેલ નથી. અત્રેની અદાલત દવારા અનેક પ્રોસેસ કરવામાં આવેલ છે. જે વગર બજે પરત છે. જેથી આ તબકકે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ – ૨૫૬ નોંધવી હું ઉચીત સમજુ છુ.

**કલમ – ૨૫૬ :–**

**ફરીયાદીની ગેરહાજરી અથવા મૃત્યુ.**

(૧) જો સમન્સ ફરીયાદ પરથી કરવામાં આવ્યો હોય અથવા ત્યારપછીના કોઈ દિવસ પ સુનાવણી મુલતવી રાખવામાં આવી હોય તે દિવસે ફરીયાદી હાજર ન થાય તો આ પહેલા અત્રે ગમે તે જોગવાઈ હોય, તેમ છતાં મેજી. આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકશુ, સિવાય કે કોઈ કારણસર કેસની સુનાવણી અન્ય કોઈ દિવસે મુલતવી રાખવાનુ યોગ્ય જણાય, પરંતુ કોઈ ધારાશાસ્ત્રી અથવા ફોજદારી કાર્યવાહી ચલાવનાર કોઈ અધિકારી ફરીયાદીનુ પ્રતિનીધીત્વ કરતા હોય અથવા મેજી.નો એવો અભિપ્રાય થાય કે ફરીયાદીની અંગત હાજરી આવશ્યક નથી તો મેજી. તેની હાજરી વગર ચલાવી લેશે તથા કાર્યવાહી ચલાવી શકશે.

(૨) ફરીયાદીની ગેરહાજરી તેના મૃત્યુના કારણે હોય તેવા કેસમાં શકય હોય ત્યાં સુધી પેટા કલમ –૧ ના પ્રબંધ લાગુ પડશે.

ઉપરોકત જોગવાઈ હાથ પરના કેસની હકીકતો ઘ્યાને લેતા આરોપીઓનુ ચોકકસ અને ખરુ સરનામુ રેકર્ડ પર મુકી બજવણી કરવા માટે ફરીયાદીની હાજરી આવશ્યક છે પરંતુ

ફરીયાદી છેલ્લી ઘણી મુદતોથી હાજર રહેલ નથી જેથી તેમની ગેરહાજરી ઉપરોકત જોગવાઈને આર્કષિત કરે છે.

સદર કેસ અંગે ફરીયાદી પક્ષને બજવણી કરવા જણાવવામાં આવેલ છે તેમ છતાં ફરીયાદી તર્ફે બજવણી કરી કે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૮૨/૮૩ ની કાર્યવાહી કરવા પ્રયત્ન કરેલ હોય તેવુ બનેલ નથી. સદર કેસ નામ.ડીસ્ટ્રીકટ કોર્ટના વેબ પોર્ટલ પર નિયમીતપણે અપડે થાય છે. નામ.સર્વોચ્ચ અદાલતે એન.આઈ એકટના કેસોના ભારણ અંગે તાકીદ કરેલ છે, નામ.ગુજરાત હાઈકોર્ટના ભવાની ટેક્ષટાઈલ વિ.સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૨૦૦૯, તા.૧૮/૦૧/૨૦૧૦ તથા નામ. સર્વોચ્ચ અદાલતના એસ.રામક્રિષ્ના વિ.રામી રેડડી, ક્રિમીનલ અપીલ નં.૭૫૫/૨૦૦૮, તા.૨૯/૦૪/૨૦૦૮ ના ચુકાદાને ઘ્યાને લક્ષમાં લેતાં સ્પીડી ટ્રાયલનો સિઘ્ધાંત સ્થાપીત બને છે. હાલના કેસમાં ફરીયાદીની સતત ગેરહાજરી, ઉદાસીનતા, નિષ્કાળજી, બેદરકારી, ગફલત જોતાં હાલનો કેસ ડેડ-વુડ બનેલ છે. જેથી સદર પ્રકારના નોનઈફિકટીવ કામો ને કારણે કોર્ટનુ ભારણ બિનજરૂરી રીતે વધેલ છે અને તે કારણસર અસરકારક તથા ગંભીર કામોમાં ઘ્યાન આપવાના સમયની અછત સર્જાઈ છે. જેથી નીચે મુજબનો હુકમ આજરોજ લોક અદાલતમાં સ્પીશીયલ સીટીંગમાં કરવો હું વાજબી તથા ન્યાયોચિત સમજુ છું.

## હુકમ

સદર ફરીયાદમાં ક્રિ.પો.કોડની કલમ -૨૫૬ હેઠળ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજની લોક અદાલતના સ્પીશીયલ સીટીંગમાં તા.૧૩ મી મે, સને ૨૦૨૩ ના રોજ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩/૦૫/૨૦૨૩ — ઈ/ચા ચોથા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,

સુરત. — સુરત.(કોડ નં.જીજે૦૦૦૯૫૩)

( લોક અદાલત )